## આંક :– ૧ ની અરજી નીચેનો હુકમ

---

**૧.** અરજદારે અરજી મુજબ તેમના અરજી પેરા –ર માં જણાવેલ તેમના કાકા નામે **ચતુરભાઈ પોપટભાઈ સેટાણીયા**નું અવસાન થયેલ છે. તેઓના મરણની નોંધ તેમની કાયદાની અજ્ઞાનતાને કારણે શરતચૂકથી રહી જવા પામેલ છે પરંતુ હાલ તેને મિલકત વારસાઈ, પેઢી આંબા, બેંક કામ માટે મરણના દાખલાની જરૂરિયાત હોય મરણનો દાખલો મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

**૨.** અરજદારે પોતાની અરજી તથા રજુ રાખેલ દસ્તાવેજો જે ધ્યાને લેતા તેમાં અરજદારના સગા કાકાના નામની મરણ–નોંધ થયેલ નથી તેવુ સ્પષ્ટ ફલિત થાય છે. અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટિસ કરતા જે અંગે સામાવાળા **તલાટી**–કમ–મંત્રી, **ખાખરાવાળી,** તા. થાનગઢના **વર્ષાબેન જે. મોચી** આંક–૦૪ થી સોગંદનામા ધ્વારા જણાવે છે કે, આ કામના અરજદાર સેટાણીયા હેમંતભાઈ છગનભાઈના કાકા નામે **ચતુરભાઈ પોપટભાઈ સેટાણીયા** જેમનું અવસાન **ખાખરાવાળી** ગામે **તા. ૧૦/૦૧/૧૯૭૭**ના રોજ કુદરતી અવસાન થયેલ છે. તેમના મરણની નોંધણી માટેની તપાસ અમારી પાસે કરવા આવતા અમો ધ્વારા મરણ તા.૧૦/૦૧૯૭૭થી ૩ વર્ષ સુધીનો રેકર્ડ તપાસ કરતા નોંધ થયેલ ન હતી. જે અંગેનો અમો ધ્વારા અરજદારને અપ્રાપ્ય પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. ઉપરોકત દર્શાવેલ તમામ હકીકત સત્ય અને ખરી છે જે હું સોગંદ ઉપર જાહેર કરુ છુ. આમ, તે જોતા તેમાં અરજદારના સગા કાકાના નામની મરણ નોંધ થયેલ નથી તેવુ સ્પષ્ટ ફલિત થાય છે. તેમજ અદાલત ધ્વારા અરજદારના પોતાના ખર્ચે દૈનિક વર્તમાનપત્ર સેવન ડે ન્યુઝ તા.૦૭/૧૨/૨૦૨૨માં જાહેર નોટિસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે તેમ છતા કોઈ પણ પક્ષકાર અરજદારની અરજીને પડકારેલ નથી કે વાંધો તકરાર લીધેલ નથી કે અદાલત સમક્ષ હાજર રહેલ નથી. **અરજદાર સેટાણીયા હેમંતભાઈ છગનભાઈ આંક–૦૬** થી સોગંદનામા ધ્વારા જણાવે છે કે, અમો અરજદારના **સગા કાકા નામે ચતુરભાઈ પોપટભાઈ સેટાણીયા**નું **અવસાન ખાખરાવાળી** ગામે તા. **૧૦/૦૧/૧૯૭૭** ના રોજ કુદરતી અવસાન થયેલ છે અને તેઓની અંતિમવિધિ ખાખરાવાળી ગામે કરવામાં આવેલ છે. અમારા કાકા નામે ચતુરભાઈ પોપટભાઈ સેટાણીયા અપરણીત નિસંતાન ગુજરી ગયેલ છે. તેમને કોઈ સીધી લીટીના વારસદાર નથી અને તેઓના મરણ વખતે અમોએ કે અમારા કુટુંબના કોઈ વ્યકિતએ તેમની મરણની નોંધ સામાવાળાના દફતરે કરાવેલ નથી. તેમજ હાલ અમારા કાકા નામે ચતુરભાઈ પોપટભાઈ સેટાણીના મરણના દાખલાની મિલકત વારસાઈ,

પેઢી આંબા, બેંક કામ અર્થે તેમજ નામદાર કોર્ટના હુકમ મુજબ અમોએ **તા.૦૭/૧૨/૨૦૨૨**ના રોજ **સેવન ડે ન્યુઝ** દૈનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપેલ છે અને કોઇ વાંધા આવેલ નથી. **સાહેદ ધીરુભાઇ રાયસંગભાઇ દેગામા આંક-૦૭થી** સોગંદનામા ધ્વારા જણાવે છે કે, અરજદારના કાકા નામે **ચતુરભાઇ પોપટભાઇ સેટાણીયાનું અવસાન ખાખરાવાળી ગામે તા.૧૦/૦૧/૧૯૭૭**ના રોજ કુદરતી અવસાન થયેલ છે. ચતુરભાઇ પોપટભાઇ સેટાણી અપરણીત નિસંતાન ગુજરી ગયેલ છે. તેમને કોઇ સીધી લીટીના વારસદાર નથી અને તેઓની અંતિમવિધિ ખાખરાવાળી ગામે કરવામાં આવેલ છે અને ગુજરનારના મરણના દાખલાની જરુરત અરજદારને મિલકત વારસાઇ, પેઢી આંબા, બેંક કામે જરુરત છે. તેવી હકીકત અરજદાર અમોને જણાવેલ છે. ઉપરોકત દર્શાવેલ તમામ હકીકત સત્ય અને ખરી છે જે હું સોગંદ ઉપર જાહેર કરુ છું. સાહેદ બોહકીયા હંસાબેન લખમણભાઇ આંક-૦૮થી સોગંદનામા ધ્વારા જણાવે છે કે, અરજદારના કાકા નામે **ચતુરભાઇ પોપટભાઇ સેટાણીયા** કે જેઓ અમારા સગા ભાઇ થાય છે. જેમનું **અવસાન ખાખરાવાળી ગામે તા.૧૦/૦૧/૧૯૭૭**ના રોજ કુદરતી અવસાન થયેલ છે. ચતુરભાઇ પોપટભાઇ સેટાણી અપરણીત નિસંતાન ગુજરી ગયેલ છે. તેમને કોઇ સીધી લીટીના વારસદાર નથી અને તેઓની અંતિમવિધિ ખાખરાવાળી ગામે કરવામાં આવેલ છે અને ગુજરનારના મરણના દાખલાની જરુરત અરજદારને મિલકત વારસાઇ, પેઢી આંબા, બેંક કામે જરુરત છે. તેવી હકીકત અરજદાર અમોને જણાવેલ છે. ઉપરોકત દર્શાવેલ તમામ હકીકત સત્ય અને ખરી છે જે હું સોગંદ ઉપર જાહેર કરુ છું. આંક-૦૯થી અરજદારે પોતાના તરફેનો પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે આ તમામ પુરાવો નહી માનવાને કોઇ કારણ નથી.

**૩.** આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો તથા અરજીનો હેતુ ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના અરજદારની જન્મ-મરણ નોંધણી ધારા અધિનિયમની કલમ-૧૩(૩) મુજબની અરજી મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ કામના અરજદારના ગુજરનાર સગા કાકા **ચતુરભાઇ પોપટભાઇ સેટાણીયાનાઓનું અવસાન તા.૧૦/૦૧/૧૯૭૭**ના રોજ થાનગઢ તાલુકાના **ખાખરાવાળી** ગામે થયેલ છે તે સંદર્ભેની નોંધ મરણ રજીસ્ટરમાં જરુરી લેઇટ ફી લઇ નોંધી તે મુજબનો દાખલો કાઢી આપવો.

(૩) હુકમની યાદી સામાવાળાને કરવી.

હુકમ આજ તારીખ ૧૩ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૧/૨૦૨૩ (અકબરઅલી ફખ્રેઆલમ અન્સારી)

થાનગઢ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ

થાનગઢ

**યુનિક કોડ નં.જીજે ૦૧૨૬૪**